ક્રમાંક:મઉમશબ/ક/પરીક્ષા/૨૦૨૬/૯૨૮૯-૯૩૨૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૦/૦૨/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ,
ગુજરાત રાજ્ય.

વિષય – ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ બોર્ડની જાહેર પરીક્ષા-૨૦૨૬ અંતર્ગત બાયસેગના માધ્યમથી તાલીમ લેવા બાબત.

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષાઓ તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજથી શરૂ થવા જઈ રહી છે. પરીક્ષાની કામગીરીમાં સરકારી પ્રતિનિધિ, સ્થળ સંચાલક, ખંડ નિરીક્ષક, મૂલ્યાંકનકાર અને વહીવટી સ્ટાફની નિમણૂંક કરી ફરજ સોંપવામાં આવે છે. જે સંદર્ભે પરીક્ષાની કામગીરીમાં જોડાયેલ તમામ કર્મચારીઓને ખંડ નિરીક્ષક તરીકેની કામગીરી અને ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરીની જાણકારી મળી રહે તે માટે **તા.૧૮/૦૨/૨૦૨૬**ના રોજ સવારે **૧૧:૦૦ કલાકેથી** બાયસેગના માધ્યમથી તાલીમનું આયોજન કરેલ છે. સદર તાલીમમાં સંબંધિત તમામ અચૂકપણે શાળા કક્ષાએથી જોડાય અને તાલીમ મેળવે તેવી સૂચના આપની કક્ષાએથી આપના જિલ્લાની તમામ શાળાઓને આપવાની રહેશે. તદઉપરાંત જિલ્લા કક્ષાએ ઝોનલ અધિકારીશ્રી, મદદનીશ ઝોનલ અધિકારીશ્રી અને પરીક્ષાની કામગીરીમાં સંકળાયેલ તમામ આ તાલીમ મેળવે તેનું મોનીટરીંગ આપની કક્ષાએથી કરવાનું રહેશે. તાલીમનું પ્રસારણ દૂરદર્શનની **'વંદે ગુજરાત' ચેનલ નંબર-૯** પર **૧૧:૦૦ થી ૧૪:૦૦** કલાક દરમિયાન કરવામાં આવશે. તેમજ યુ-ટ્યુબના માધ્યમથી પણ જોઈ શકાશે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારુ :-</u>**
- આચાર્યશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ગુજરાત રાજ્ય (તમામ)